


ગંદકીનું સામ્રાજ્ય - સ્વચ્છ ભારતના ધજાગરા ઉડાડતી આ તસવીર પાટનગરની જ છે... ગાંધીનગરમાં ય સેક્ટર-૨૧ના હાર્દસમા વિસ્તારમાં કેવી અને કેટલી ગંદકી છે એનું વર્ણન તસવીર જ કરે છે... શાસન અને સમાજ સંયુક્ત રીતે સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાય તો જ ગંદકીના સામ્રાજ્યને મ્હાત કરી શકીશું... ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષમાં ગાંધીના નામે બનેલા ગાંધીનગરમાં આ સ્થિતિ શરમજનક છે...

# વિનય શાહ કૌભાંડમાં ગાંધીનગરના ૧૫ કરોડ સલવાયા

**પાટનગરમાંથી એક હજારથી વધુ વ્યક્તિઓ વિનયના કૌભાંડનો ભોગ બન્યા હોવાની શંકા : ગાંધીનગરમાંથી એજન્ટ મારફતે અંદાજે રૂ.૧૫ કરોડ ઉઘરાવાયા હોવાની ચર્ચા : પોલીસ ફરિયાદ થવાની શક્યતા**

ગાંધીનગર, તા.૧૫

રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલા વિનય શાહના ૨૬૦ કરોડના કૌભાંડ પ્રકરણમાં ગાંધીનગરમાંથી ૧ હજારથી વધુ વ્યકતિઓના પૈસા ગયા હોવાની આશંકા છે. ગાંધીનગરના અલગ અલગ વિસ્તારોમાંથી અંદાજે ૧૫ કરોડથી વધુ રૂપિયા વિનય શાહે ગાંધીનગરનાં એજન્ટ મારફતે ઉઘરાવ્યા હોવાની ચર્ચા છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી પરંતુ નજીકનાં દિવસોમાં ફરિયાદો આવવાનુ શરુ થશે.

ચકચારી વિનય શાહનાં રૂ.૨૬૦ કરોડના કૌભાંડમાં રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. આ સમગ્ર પ્રકરણમાં વિનય શાહની ૧૧ પાનાની ચીઠ્ઠી બહાર આવી અને સમગ્ર ગુજરાતમાં કૌભાંડ ચર્ચાસ્પદ બની ગયુ છે. અમદાવાદના વિનય શાહની કંપનીમાં ડૉકટર્સ, બેંક ઓફિસર્સ, વેપારીઓ, સહિતના લોકોએ પૈસા રોક્યા હતા. ત્યારે આ લોભામણી સ્કીમમાં ગાંધીનગરના પણ અનેક લોભીયાઓના કરોડો રૂપિયા ફસાયા હોવાનું ધ્યાને આવ્યું છે. કૌભાંડનો ભોગ બનેલા ગાંધીનગરનાં એક યુવાને નામ ન આપવાની શરતે જણાવ્યુ છે કે,'ગાંધીનગરમાં પણ મારા જેવા એક હજારથી વધુ વ્યક્તિઓના રૂપિયા ડુબ્યા છે. સેક્ટર-૭માં રહેતો એક યુવક આ કૌભાંડમાં ગાંધીનગર માટેનો મુખ્ય એજન્ટ છે. જે લોકોને હું મહિને આટલા કમાઉ છું તમે પણ આ સ્કિમ જોડાઈ પૈસા કમાવો કહી લોભામણી લાલચો આપતો હતો. અંદાજ મુજબ ગાંધીનગરના વિવિધ સેક્ટર્સમાંથી એક હજાર જેટલા વ્યકતિઓના પૈસા ડુબ્યા હશે જેનો આંકડો અંદાજે ૧૫ કરોડ જેટલો હશે.' ગાંધીનગરના ભોગ બનેલા યુવાને નજીકનાં દિવસોમાં બહાર આવીને પોલીસ ફરિયાદ કરવા પહોંચે તેવી શક્યતા છે.

### ગાંધીનગર સહિતનાં એજન્ટોને લઈને તાજેતરમાં જ કૌભાંડી વિનયે દુબઈ ટ્રીપ કરી..!

વિનય શાહ એજન્ટોને ટાર્ગેટ આપીને વિદેશ ફરવા લઈ જવાની લાલચ આપતો હતો. તાજેતરમાં જ વિનય કેટલાક એજન્ટોને દુબઈ ફરવા લઈ ગયો હતો અને જલસા કરાવ્યા હતા. આ દુબઈ ટ્રીપમાં ગાંધીનગરનાં એજન્ટને પણ લઈ જવાયો હોવાનુ સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે. દિવાળી પછી હવે વિનય આ જ એજન્ટોને ફરીથી વિદેશમાં ફરવા લઈ જવાનો હતો. હવે વિનય નેપાળ લઈ જવાનો છે તેવી વાત એજન્ટોને કરવામાં આવી હતી. જેને પગલે ગાંધીનગરના કેટલાક યુવકોએ તો વિદેશ ફરવા જવા માટેના સપના પણ જોઈ લીધા હતા.

# જિલ્લાના ૩.૧૧ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી કરાશે

**આરોગ્ય ચકાસણી ૨૭મી નવે.થી આરંભાશે : આરોગ્યતંત્રએ ૨૦૪ ટીમ બનાવી : ૧લી ફેબ્રુઆરી સુધી ચાલશે : ૬ હજારથી વધુ કર્મયોગીઓ જોડાશે : ૨૧૦૦થી વધુ સંસ્થાના બાળકોને આવરી લેવાનું આયોજન કરાયુ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ૨૭ નવેમ્બરથી શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

આરોગ્ય વિભાગના આ અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમ દરમ્યાન જિલ્લાના ત્રણ લાખ અગિયાર હજારથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણી હાથ ધરવામાં આવશે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ અંગેનું આયોજન કરી દેવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ દરમ્યાન ૧૮ વર્ષ સુધીની આયુ ધરાવતા પણ શાળાએ ના જતા બાળકોને પણ આવરી લેવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં દર સપ્તાહના ત્રીજા દિવસે મેડીકલ ઓફિસર દ્વારા બાળકની ચકાસણી કરવામાં આવશે.

શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન સાત દિવસ સુધી અલગ અલગ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લાની ૨૧૦૦થી વધુ સંસ્થાઓમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ કાર્યક્રમને લઈ ૨૦૪ જેટલી તંત્રની ટીમો બનાવવામાં આવી છે અને ૬ હજારથી વધુ કર્મચારીઓ આમાં જોતરાશે.

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં હૃદય, કિડની અને કેન્સરથી પિડીત ૩૯૮ બાળકો મળ્યા

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત ગત વર્ષે ૩૯૮ બાળકો હૃદય, કેન્સર અને કિડનીની બિમારીથી પિડાતા મળી આવ્યા હતા. હૃદય, કિડની અને કેન્સર સહિત પિડાતા બાળકોમાં ૧૯૦ બાળકોને હૃદયની, ૫૬ બાળકોને કિડની, કેન્સરની બિમારી ૨૦ બાળકોમાં તથા અન્ય રોગથી પિડાતા ૧૩૧ બાળકો મળ્યા હતા.

ગંભીર બિમારી ધરાવતા આ બાળકોમાં ૧૯૫ બાળકોને સિવિલ હોસ્પિટલમાં તથા ૨૦૩ બાળકોને આર.બી.એસ.કે. યોજના અંતર્ગત સારવાર આપવામાં આવી હતી.

# જાહેરાતનુ માધ્યમ બનતા માર્ગો પરથી ૯૦ હોર્ડીંગ્સ દુર કરાયા

ગાંધીનગર તા ૧૫

શહેરના જાહેર માર્ગો પર ઠેર ઠેર ગમે ત્યાં હાર્ડીંગ્સ ચિપકાવી દેવામાં આવે છે. સ્ટ્રીટ લાઇટના થાંભલા પર ગમે ત્યાં બેનર્સ તેમજ પેમ્ફલેટ ચિપકાવી દેવામાં આવે છે. જાહેર માર્ગો પર તોતિંગ હોર્ડીંગ્સ પણ બિન્દાસ્ત રીતે લગાવી દેવાય છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે પણ દબાણતંત્રએ ૯૦ જેટલા હોર્ડીંગ્સ દુર કર્યા હતા.

ગાંધીનગરમાં દબાણ હટાવો ઝુંબેશના અંતે પણ દબાણની જટીલ સમસ્યા હજુ નાબુદ થઈ શકી નથી. દબાણના મામલે તંત્ર એક સાંધે ત્યાં તેર તુટે તેવી દહેશત છે. રોજબરોજ નવા દબાણો ઉભા થઈ જાય છે. આવા સંજોગોમાં નગરના જાહેરમાર્ગો પણ જાહેર ખબરનુ માધ્યમન બની ગયા છે. નજર નાંખો ત્યાં બેનર્સ તેમજ હોર્ડીંગ્સ લગાવી દેવાયા છે. કોર્મશિયલ પ્રવૃતિને અનુલક્ષીને ગમે ત્યાં બેનર્સ તેમજ તોતિંગ હોર્ડિંગ્સ લગાવી દેવામાં આવે છે. આ સિલસિલો વર્ષોથી ચાલે છે. પરંતુ તંત્ર દ્વારા પણ કોઈ દંડનીય કાર્યવાહી કે અન્ય કડક પગલા ન લેવાતા આ પ્રકારનો ટ્રેન્ડ વધુ મજબુત બન્યો છે. બેરોકટોક ગમે ત્યાં મોટામસ હોર્ડીંગ્સ ખોપી દેવામાં આવે છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી હોર્ડીંગ્સ દુર કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે. ગઈકાલે પણ ૮૭ જેટલા હોર્ડીંગ્સ દુર કરાયા હતા. જયારે આજે પણ શહેરમાં વિવિધ માર્ગો પરથી કોર્પોરેશનની દબાણ શાખાએ હોર્ડિંગ્સ દુર કર્યા હતા દિવસ દરમિયાન ૯૦ જેટલા હોર્ડીગ્સ ઉતારી લેવાયા હતા.

શહેરમાં હોર્ડીંગ્સની સાથે સ્ટ્રીટ લાઈટના પોલ્સ ઉપર પણ બેનર્સ અને પેમ્ફલેટ ચિપકાવી દેવામાં આવે છે. શહેરમાં જાહેરમાર્ગો તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલા જાહેરાતનુ માધ્યમ બન્યા છે. ત્યારે તંત્રએ કડક કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.




# ૪ દિવસમાં ૩ કેસ ચિકનગુનિયાના મળ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાંથી છેલ્લા ૪ દિવસમાં ત્રણ કેસ ચિકનગુનિયાના મળી આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આ ૩ દર્દી સાથે શહેરમાં ચિકનગુનિયાના કેસો આ સિઝનમાં ૮ થવા પામ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જે કેસો ચિકનગુનિયાના મળ્યા છે તેમાં બે મહિલા દર્દી તેમજ એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આ ત્રણેય દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરી મેલેરિયાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૬ અને સે. ૯માંથી મહિલા દર્દીઓને પરીક્ષણ દરમ્યાન ચિકનગુનિયા પોઝીટીવ જણાઈ આવેલ છે જ્યારે સે. ૨૭માં એક પુરૂષ દર્દીને ચિકનગુનિયા પોઝીટીવ જણાયેલ છે.

તંત્રની ટીમો દ્વારા મળી આવેલ આ કેસના દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે તેમજ એન્ટી લારવેલ અને ફોગીંગની કાર્યવાહી પણ કરી દેવામાં આવેલ છે. ઠંડીનો માહોલ શરૂ થતાં ડેન્ગ્યુના કેસો ધીમી ગતિએ ઘટવા માંડ્યા છે. દિપાવલી પર્વ પહેલાંથી આ ટ્રેન્ડ શરૂ થયો છે અને છેલ્લા ૧૫ દિવસમાં ૭ જેટલા કેસ જ ડેન્ગ્યુના મળી આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં વિદાય લેતી વાહકજન્ય રોગચાળાની સિઝનના અંતિમ દિવસોમાં ચિકનગુનિયાના કેસો મળતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે અને દોડધામ મચી જવા પામી છે.

# જિલ્લામાં પહેલા દિવસે ૮૦૨ બોરી મગફળી ટેકાના ભાવે ખરીદાઈ

ગાંધીનગર, તા. ૧૫

ટેકાના ભાવે મગફળીની ખરીદીના પ્રથમ દિવસે જ દહેગામ એ.પી.એમ.સી. ખાતે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૩૦ ખેડૂતોની ૨૮૧ ક્વીન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે અને મોડી રાત સુધી આ પ્રક્રિયા ચાલુ રહી હતી.





મળતી વિગતો પ્રમાણે તંત્રએ આજે ૫૦ ખેડૂતોને બોલાવ્યા હતા. પ્રથમ દિવસ હોવાથી થોડીક ધીમી ગતિએ આ ખરીદ પ્રક્રિયા ચાલી હતી.

પ્રથમ દિવસે જ ખેડૂતો દ્વારા ૮૦૨ બોરી જેટલુ વેચાણ તો સાંજે ૬ વાગ્યા સુધીમાં કરી દીધી હતુ. આખી ખરીદ પ્રક્રિયાનું વિડીયો રેકોર્ડિંગ કરવામાં આવી રહ્યું છે. આ ખરીદેલ માલ પણ સાથે સાથે તંત્રએ નિયત કરેલ ગોડાઉન પર રવાના કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

બીજા દિવસ માટે પણ તંત્રએ ૫૦ ખેડૂતોને તેમના ઉત્પાદન સાથે આવવાના ફોન મેસેજ આપી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ૫ હજારથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. રજીસ્ટ્રેશનની કામગીરી હજુ ચાલુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

### નગરના ચાર શૈક્ષણિક સંકુલોમાં વિકલાંગ માટે નવા શૌચાલય બનશે

**શૌચાલય બનાવવા પાછળ રૂ ૧૬ લાખનો ખર્ચ થશે**

ગાંધીનગર તા ૧૫

શહેરના ત્રણ શૈક્ષણિક સંકુલોમાં વિકલાંગો માટે ખાસ સુવિધા ઉભી કરવામાં આવશે. હજુ સુધી ઘણાં સરકારી બિલ્ડીંગ તેમજ શાળાઓમાં વિકલાંગ માટે કોઈ સુવિધા નથી ત્યારે આ સ્થિતિને ધ્યાને લઈ શૈક્ષણિક સંકુલોનો સર્વે હાથ ધરી આગામી દિવસોમાં આ ઠેકામે વિકલાંગ શૌચાલય બનાવાશે.

વિકલાંગાને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમજ સરકારી બિલ્ડીંગોમાં પણ વિકલાંગ મુલાકાતીઓ તેમજ કર્મચારીઓને હેરાનગતિ વેઠવી ન પડે તે માટે પ્રધાનમંત્રી યોજના અન્વયે ખાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અન્વયે ગાંધીનગરમાં પણ અગાઉ અભ્યાસ હાથ ધરાયો હતો. શહેરમાં નિર્માણ થતા નવા બિલ્ડીંગોમાં પણ વિકલાંગો માટે ખાસ સુવિધાઓનો ખ્યાલ રાખવામાં આવે છે. જયારે નવા બિલ્ડીંગોમાં પણ આનુસંગિક સુવિધાઓ ઉભી કરવામાં આવે છે. ત્યારે જુના બિલ્ડીંગોમાં પણ વિકલાંગોને માળખાગત સુવિધા પુરી પાડવા માટે ખાસ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે સે-૨૦ ની પ્રાથમિક શાળા, ચિલ્ડ્રન યુનિવર્સિટી , સે-૮ આદર્શ નિવાસી શાળા તેમજ સે-૨૧ લાઈબ્રેરીમાં વિકલાંગ માટે શૌચાલય બનાવવા માટે આયોજન કરાયુ છે. આ કામગીરી પાછળ રૂ ૧૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં કામગીરી શરૂ કરી દેવાશે.

# માર્ગોનુ ધોવાણ અટકાવવા ત્રણ સેકટરોમાં સી.સી. રોડ બનાવવા માટે દરખાસ્ત

**પેવર બ્લોકના લીધે માર્ગો નિચાણમાં ધકેલાય ગયા : વરસાદી દિવસો દરમિયાન પાણીનો ભરાવો થતા માર્ગોના અસ્તિત્વ સામે ખતરો : સે-૨૮,૨૯ અને સે-૩૦માં સોસાયટીના આંતરિક માર્ગો પર સી સી રોડ બનશે**

ગાંધીનગર તા ૧૫

શહેરના સેકટરોમાં પેવર બ્લોકના લીધે આંતરિક માર્ગોનુ ધોવાણ થઈ રહ્યુ છે. જયારે માર્ગો નિચાણમાં ગરકાવ થતા વરસાદી પાણી ફરી વળતા માર્ગોના અસ્તિત્વ પર ખતરો મંડરાયો છે. જુના ત્રણ સેકટરોમાં આ સ્થિતિ નિવારવા માટે સી સી રોડ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગો આસપાસ કોર્પોરેશન દ્વારા પેવર બ્લોક કરી દેવામાં આવ્યા છે. સ્થાનિકોની રજુઆતના અંતે સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પેવર બ્લોકનુ કામ કરી દેવાતા આંતરિક માર્ગો પણ નિચાણમાં ગરકાવ થઈ ગયા છે. જેના લીધે ચોમાસા દરમિયાન માર્ગો પર વરસાદી પાણી ફરી વળતા માર્ગોનુ ધોવાણ થાય છે. ડામરના રસ્તાઓ પર વરસાદી પાણીનો ભરાવો થતા કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા માર્ગોના અસ્તિત્વ સામે જોખમ ઉભુ થયુ છે. આવા સંજોગોમાં કોર્પોરેશન દ્વારા પણ પેવર બ્લોકની આડેધડ કામગીરી થતા માર્ગોની હાલત કફોડી બને છે. શહેરમાં દરવર્ષે માર્ગોની જાળવણી અને રીસરફેસીંગ તેમજ મરામત પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. હાલમાં જુના સેકટરોમાં આંતરિક માર્ગોનુ પેવર કામ બાકી છે. નિયત સમયના અંતે પણ હજુ સુધી માર્ગ સુધારણાની દરખાસ્તને મંજુરી ન અપાતા રસ્તાઓનુ કામ હાથ ધરાયુ નથી.

જયારે બીજીતરફ તંત્ર દ્વારા પેવર બ્લોકની સ્થિતિને ધ્યાને લઈ જુના સેકટરોમાં કેટલાક ઠેકાણે સી સી રોડ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા આ માટે અગાઉ સે-૨૮,૨૯ અને સે-૩૦ માં સી સી રોડ બનાવવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. શહેરમાં પેવર બ્લોક તૈયાર કરવાની યોજનાનો અમલ કરાયા બાદ સેકટરોની સોસાયટીના આંતરિક માર્ગોની દશા બેઠી છે.

સેકટરોમાં આંતરિક માર્ગો આસપાસ આડેધડ પેવર બ્લોક કરી દેવામાં આવે છે.જેના લીધે માર્ગોનુ લેવલ જળવાતુ નથી. આવા સંજોગોમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોનુ ધોવાણ થાય છે. માર્ગોના પેવરકામ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.જયારે ડામર રસ્તાઓ માટે પેવર બ્લોક ખતરારૂપ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા આગામી દિવસોમાં જુના ત્રણ સેકટરોમાં સી સી રોડનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવશે.

# રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં વધારો

**ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૭.૯ : અમદાવાદમાં ૧૮.૨ ડિગ્રી જ્યારે વલસાડ ખાતે લઘુત્તમ તાપમાન સૌથી ઓછું ૧૫.૬ ડિગ્રી**

ગાંધીનગર,તા. ૧૪

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયમાં લઘુત્તમ તાપમાનમાં આજે વધારો થયો હતો અને ઠંડીનો ચમકારો ફરી એકવાર અનુભવાયો ન હતો. લઘુત્તમ તાપમાનમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આજે વધારો થયો હતો. આ સ્થિતિ હજુ અકબંધ રહે તેવી શક્યતા છે. સૌરાષ્ટ્ર, કચ્છના જુદા જુદા ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં હાલ કોઈ ફેરફાર નહીં થવાના સંકેત દેખાઈ રહ્યા છે. બપોરના ગાળામાં હજુ પણ લોકોને ઓછા પ્રમાણમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આમ હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે ત્યારે શિયાળાની ઠંડીપ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. વહેલી સવારમાં લોકો ફિટનેસને જાળવવા માટે પણ વધુ સાવધાન બન્યા છે અને ટાઈમ ટેબલ બનાવી રહ્યા છે. ઠંડીની શરૂઆત થતા ફિટનેસ જાળવવા માટેનો આ સર્વશ્રેષ્ઠ ગાળો હોવાથી જરૂરી નિષ્ણાતોની મદદ લેવાઈ રહી છે.

ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૮.૨ અને મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી રહ્યું હતું. રાજ્યમાં વલસાડમાં લઘુત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી થઈ વધુ આવી રહ્યા છે. દિવાળી પર્વ પર ટાઈમ ટેબલ ખોરવાઈ ગયા બાદ હવે ફરીવાર લોકો સાવધાન બન્યા છે. મોડી રાત્રે અને વહેલી



ગયું હતું. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો સવારે ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે. લઘુત્તમ તાપમાનમાં પણ ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. અલબત્ત લઘુત્તમ તાપમાનમાં કોઈ વધુ ઘટાડો થઈ રહ્યો નથી પરંતુ વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com